પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૮૧ | ૧ જુન, ૨૦૧૭, ગુરૂવાર ; જયેષ્ઠ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કાબુલમાં આત્મઘાતી કાર બ્લાસ્ટ : ૮૦ના મોત

**કાબુલના વઝીર અકબરખાન વિસ્તારમાં બ્લાસ્ટમાં ૪૦૦થી વધુ ઘાયલ : પ્રચંડ બ્લાસ્ટના કારણે આસપાસની અનેક ઈમારતોમાં આગ : ડઝન વાહનોના ફૂરચે ફૂરચા : મજબૂત સુરક્ષાવાળા વિસ્તારને ટાર્ગેટ બનાવીને હુમલો કરાયો**





કાબુલ,તા.૩૧

અફઘાનિસ્તાનના પાટનગર કાબુલામાં આજે કરવામાં આવેલા ભીષણ બ્લાસ્ટમાં ઓછામાં ઓછા ૮૦ લોકોના મોત થયા હતા અને ૪૦૦થી વધારે ઘાયલ થયા હતા. ભારતીય દુતાવાસની નજીક આ બ્લાસ્ટ થતા ખળભળાટ મચી ગયો હતો. છેલ્લા કેટલાક વર્ષોમાં રક્તરંજિત અફઘાનિસ્તાનમાં થયેલા હુમલા પૈકી આ સૌથી વિનાશક હુમલા તરીકે ગણવામાં આવે છે. બોમ્બ બ્લાસ્ટ બાદ સમગ્ર વિસ્તારમાં ચારેબાજુ મૃતદેહ પડેલા નજરે પડ્યા હતા. સાથે સાથે આ વિસ્તારમાંથી બ્લાસ્ટ બાદ ધુમાડા પણ નીકળતા નજરે પડ્યા હતા. જે વિસ્તારમાં બ્લાસ્ટ કરાયો હતો તે વિસ્તારમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા હંમેશા રહે છે કારણ કે અહીં અનેક વિદેશી દૂતાવાસોની ઓફિસો અને આવાસ આવેલા છે. અનેક મિશનની ઓફિસની બારીઓના કાચ તૂટી ગયા

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### દેશનું સૌથી મોટું રોકેટપ જૂને લોન્ચ



ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ જણાવ્યું હતું કે, તેઓએ જિયોસિંક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હિકલ (GSLV) માર્ક-૩ને લોન્ચ કરવાની યોજના બનાવી લીધી છે, જેનાથી ઈન્ટરનેશનલ લોન્ચિંગ વાહનો પર નિર્ભરતા ઓછી રાખવી પડે.

### પંજાબમાંથી ૪ ખાલિસ્તાનીઓ પકડાયાં



પંજાબના મોહાલીથી બુધવારે સવારે ૪ કલાકે બાબર ખાલસા આતંકીઓની ધરપકડ કરવામાં આવી હતી. ચારેય આતંકીઓની ઓળખાણ હરબિંદર સિંહ, અમૃતપાલ કૌર, જરનૈલ સિંહ અને રણદીપ સિંહના નામથી થઈ છે.

### શાહરૂખ માંડ માંડ બચ્યો'



શાહરૂખ હાલ આનંદ રાયની ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો છે, જેના માટે મુંબઈમાં સેટ તૈયાર કરવામાં આવ્યો છે. શૂટિંગ દરમિયાન સેટનો એક ભાગ તૂટી પડતાં ફિલ્મના ૨ ક્રૂ મેમ્બર્સને ગંભીર ઈજા થઈ હતી. શાહરૂખ અકસ્માતના સમયે સેટ પર હાજર હતો, જોકે તેને ઘણી ઈજા થઈ નથી.

## ભારત-સ્પેનની વચ્ચે સાત સમજૂતિ કરાર પર હસ્તાક્ષર

**મોદીની સ્પેનિશ પ્રમુખ મારીયાનો સાથે ઐતિહાસિક વાતચીત : સાઈબર સિક્યુરિટી સહિતના ક્ષેત્રોમાં સમજૂતિ**

મેડ્રિડ,તા. ૩૧

યુરોપિયન દેશ સ્પેનની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઐતિહાસિક યાત્રાના ભાગરૂપે આજે ભારત અને સ્પેને સાત સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા હતા. સાઈબર સુરક્ષા, ટેકનિકલ સહકાર સહિત સાત સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. યુરોપિયન દેશ સ્પેનની મોદીની યાત્રા ખૂબ જ મહત્વપૂર્ણ છે. મોદીએ અગાઉ સ્પેનિશ પ્રમુખ મારીયાનો રજોય સાથે સ્પેનિશ પાટનગરમાં મોનકલોવામાં ઉચ્ચસ્તરિય બેઠક યોજી હતી. ત્યારબાદ સાત સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બંને દેશોએ સજા પામેલા કેદીઓના ટ્રાન્સફરના મુદ્દે પણ મહત્વની સમજૂતિ કરી હતી. આ ઉપરાંત રાજદ્વારી પાસપોર્ટ ધારકો માટે વિઝા માફીની સમજૂતિ પણ થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

## દેશના વિકાસ દરમાં ઘટાડો

**જીડીપી ગ્રોથ મોટા ઘટાડા સાથે ૭.૧ ટકા થયો : આઠ કોર સેકટરનો ગ્રોથ ઘટીને ૨.૫ ટકા સુધી નોંધાયો : સૌથી ઝડપથી ઘટાડો કન્સ્ટ્રક્શન સેકટરના ગ્રોથમાં નોંધાયો : મેન્યુફેકચરીંગ ગ્રોથ ૫.૧ ટકા : પ્રવાહી સ્થિતિ વચ્ચે જીડીપી આંકડા જારી કરવામાં આવ્યા**

નવી દિલ્હી,તા. ૩૧

નોટબંધીના પરિણામ સ્વરૂપે જીડીપી સહિત દેશના આઠ કોર સેકટરના ગ્રોથમાં ઉલ્લેખનિય ઘટાડો નોંધાયો છે. સરકાર તરફથી આજે જારી કરવામાં આવેલા જીડીપીના આંકડામાં આજે આ મુજબનું ચિત્ર ઉપસી આવ્યું હતું. કેન્દ્ર સરકાર તરફથી આજે બપોરે શેરબજારમાં કારોબાર બાદ જારી કરવામાં આળેલા આંકડા મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં દેશનો વિકાસ દર ૭.૧ ટકા રહ્યો છે. ૨૦૧૬-૧૭ના ચોથા ત્રિમાસિક ગાળા જાન્યુઆરીથી માર્ચ દરમ્યાન જીડીપી ગ્રોથ માત્ર ૬.૧ ટકા રહ્યો હતો. વર્ષ ૨૦૧૫-૧૬ની સરખામણીમાં આ ૮ ટકાનો ઘટાડો દર્શાવે છે. ગયા વર્ષે આ આંકડો ૭.૯ ટકાનો હતો. આઠ કોર સેકટરના ગ્રોથમાં પણ ગયા વર્ષના ૮.૭ ટકાની સરખામણીમાં ૨.૫ ટકા પર આવીને ગ્રોથ રોકાઈ ગયો છે. સૌથી ઝડપથી ઘટાડો કન્સ્ટ્રક્શન સેકટરમાં જોવા મળ્યો છે. કન્સ્ટ્રક્શન સેકટરના ગ્રોથમાં ગયા વર્ષે આ આંકડો ૬ ટકા હતો. જ્યારે આ વર્ષે -૩.૭ ટકાનો મોટો ઘટાડો જોવા મળ્યો છે. બીજી બાજુ મેન્યુફેકચરીંગ ગ્રોથ ૫.૧ ટકા રહ્યો છે. એમ અર્થશાસ્ત્રીની દ્રષ્ટીએ કહી શકાય છે કે નોટબંધીના પરિણામ સ્વરૂપે વિકાસ દરમાં ઘટાડો

● અનુસંધાન પાન-૭ પર

## ગૌહત્યાના કેસમાં આજીવન કારવાસની સજાની ભલામણ

**ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરવા રાજસ્થાન હાઈકોર્ટની મહત્વની ભલામણ : ગૌશાળાઓ મુદ્દે દર ત્રણ મહિના ઉપર રિપોર્ટ આપવાનો પણ આદેશ**

જયપુર, તા.૩૧

રાજસ્થાન હાઈકોર્ટે ભારતના રાષ્ટ્રીય પશુ તરીકે ગાયને જાહેર કરવા કેન્દ્ર સરકારને સૂચના આપી છે. ગાયના મુદ્દે હાલ જોરદાર રાજનીતિ રમાઈ રહી છે ત્યારે રાજસ્થાન હાઈકોર્ટે આ મહત્વપૂર્ણ ભલામણ કરી છે. હાઈકોર્ટે એવી ભલામણ પણ કરી છે કે કાયદાઓમાં ફેરફાર કરીનો ગૌહત્યાના મામલામાં આજીવન

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી વિધાનસભામાં પૂર્વ મંત્રી કપિલ મિશ્રા સાથે મારામારી

નવી દિલ્હી,તા. ૩૧

દિલ્હી વિધાનસભામાં એએપીના ધારાસભ્ય દ્વારા પાર્ટીમાંથી દુર કરવામાં આવેલા નેતા કપિલ મિશ્રા સાથે મારામારી કરવામાં આવી હતી. ત્યારબાદ પોતાની પ્રતિક્રિયામાં કપિલ મિશ્રાએ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. મારામારી બાદ ગૃહની બહાર નિકળેલા અને ભારે ક્રોધિત થયેલા કપિલ મિશ્રાએ કહ્યું હતું કે કેજરીવાલ અને સત્યેન્દ્ર જૈન કેટલા પણ ગુંડાઓ મોકલી દેશે તો પણ તેઓ પીછેહટ કરનારાઓમાં નથી. બુધવારના દિવસે દિલ્હી વિધાનસભામાં કપિલ મિશ્રાની સાથે એએપીના કેટલાક ધારાસભ્યોએ મારામારી કરી હતી અને તેમને ગૃહની બહાર કાઢી મુકવામાં આવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે કેજરીવાલ અને સત્યેન્દ્ર જૈનના

● અનુસંધાન પાન-૭ પર

NAVKAR GROUP TUITION
10th Repeater Batch
(બધા જ વિષયો)
પાસ થવાની ૧૦૦% ગેરેન્ટી સાથે
ગુરૂવાર ૧/૬/૧૭ થી શરૂ...
૧૧ સાયન્સ રેગ્યુલર બેચ શરૂ
નાપાસ થાય તો ફી પરત
Add : 1527/2, Sector-3/D, Gandhinagar
અર્જુન સર ૮૮૬૬૬૮૫૭૫૮
વિરાજ સર ૯૪૦૮૫ ૩૬૩૬૨
સલમાન સર ૯૫૭૪૯૫૯૩૭૫

વધે નામના તમારી એવી શુભકામના અમારી



યુવા મોરચા પ્રદેશ અધ્યક્ષ ડૉ. ઋત્વિજ પટેલની સુચનાથી ગાંધીનગર મહાનગર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ), યુવા મોરચાના પ્રમુખ અમિતભાઈ પટેલ દ્વારા ગાંધીનગર મહાનગર યુવા મોરચાના કોષાધ્યક્ષ તરીકે બિપીન જે પટેલ ઉર્ફે પટેલ સેક્ટર-૨૨ની વરણી કરતાં હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ...
બિપીન જે. પટેલ
: કોષાધ્યક્ષ :
યુવા મોરચો, ગાંધીનગર મહાનગર ભાજપ
શુભેચ્છકો
કેતનભાઈ જોષી પૂર્વ વોર્ડ પ્રમુખ,
પ્રેમલભાઈ શાહ ઉપપ્રમુખ
અશોકભાઈ ત્રિવેદી પૂર્વ વોર્ડ મહામંત્રી
વિજયભાઈ પટેલ - કોલવડા
અંકિત પટેલ - કોલવડા
હિતેશ પટેલ પૂર્વ વોર્ડ ઉપપ્રમુખ
રાજુભાઈ વ્યાસ

શુધ્ધ અને સાત્વીક ભોજન
સતાધાર ભોજનાલય એન્ડ રેસ્ટોરન્ટ (A.C.)
ગાંધીનગરની જનતાની સેવામાં એર કન્ડિશનર
સવાર-સાંજ બંન્ને ટાઈમ માટે
આલુ પરોઠા દહીં અથાણું અને છોલે ભટુરે અનલિમિટેડ ફક્ત ₹80/-
ગુજરાતી થાળી અનલિમિટેડ ફક્ત ₹80/-*
સાઉથ ઈન્ડિયન ડીસ અનલિમિટેડ ફક્ત ₹120/-*
● શુભ સ્થળ ●
બેંક ઓફ બરોડાની બાજુમાં, શાક માર્કેટની પાછળ, સેક્ટર-૨૧, ગાંધીનગર
મો. નં. : ૮૩૪૭૫ ૫૬૮૧૫, ૮૩૪૭૦ ૨૨૨૮૧

Flow of Knowledge with light but unique method...
Managed By Maharshi Sandeepani Education Trust,
RADIANT SCHOOL OF SCIENCE
Pre-Primary, Primary, Secondary & Higher Secondary School (Gujarati & English Medium)
પ્લોટ નં-131/A, ગુડા ટી.પી.નં.૯, ખ-૦ નજીક, પ્રમુખનગર પાછળ, સરગાસણ, ગાંધીનગર
PHONE : 079-65722131-32 E-mail : radiantsosgnr@gmail.com
RADIANT SCHOOL OF SCIENCE
Hi-Tech Computer Lab | SCIENCE LAB | HOSTEL FACILITY | Annual Function | Sports Activity | Sports Activity
Admission OPEN
Jr. KG to 12th Science
JEE ટોપર્સ
Patel Vaidik B. Jee - 203
Savaliya Gopal A. Jee - 159
Shah Jay K. Jee - 139
RESULT MARCH-2017- School TOPPERS
Rank 1 Patel Tanmaykumar M. Sci PR - 99.06% Gujcet PR - 99.94%
Rank 1 Baflipara Akshitkumar P. Sci PR - 99.06% Gujcet PR - 99.18%
Rank 2 Patel Vaishnavi S. Sci PR - 98.71% Gujcet PR - 96.91%
Rank 2 Patel Aryan P. Sci PR - 98.71%
Rank 3 Patel Vaishnavi A. Sci PR - 98.17% Gujcet PR - 96.53%
A1 GRADE STUDENTS
Patel Tanmaykumar M. Sci PR - 99.06%
Patel Vaishnavi S. Sci PR - 98.71%
Jadav Kinnari N. Sci PR - 94.76%
- Grade 9th & 10th Fees according to Govt. Norms
- JEE\NEET Preparation for Higher Secondary Students
- Smart Board Enabled Classroom
- Limited students in each class
- Transportation Available
- Indoor & Outdoor Sports & Extra Curricular activities
- Hostel Facility Available For Boys & Girls both
- Efficient, Well qualified & Dedicated faculties